Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# -: પરિપત્ર :-

વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓને તથા વિભાગીય વડાશ્રીને જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી અમલમાં આવનાર સાયન્સ ફેકલ્ટી હેઠળ પ્રથમ વર્ષ અને બીજા વર્ષમાં એકઝીટ થતા વિદ્યાર્થીઓ માટે ઈન્ટર્નશીપની મૂલ્યાંકન પધ્ધતિ નકકી કરવા અંગે વિચારણા કરતા વિજ્ઞાન વિદ્યાશાખાની તા.૦૨/૦૮/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંક:૩ અન્વયે કરેલ ભલામણ એકેડેમિક કાઉન્સિલ ની તા.૧૭/૦૮/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૩ થી મંજૂર કરેલ છે. જેનો અમલ કરવા આથી જાણ કરવામાં આવે છે.

**<u>વિજ્ઞાન વિદ્યાશાખાની તા.૦૨/૦૮/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૩</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વષ ૨૦૨૩–૨૪ થી પ્રથમ વર્ષ અને બીજા વર્ષમાં એકઝીટ થતા વિદ્યાર્થીઓએ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ,Dt.26-07-2023, SOP 3.4.2 પ્રમાણે ઈન્ટર્નશીપ કરવાની રહેશે, જો વિદ્યાર્થી માત્ર પ્રાયોગિક / ફિલ્ડવિઝિટ વગેરે દ્વારા ઈન્ટર્નશીપ કરે તો ૪ ક્રેડીટના ૧૬૦ થી ૧૮૦ કલાક કાર્ય કરવાનું રહેશે અને જે તે સંસ્થામાંથી ઈન્ટર્નશીપ પૂર્ણ કર્યાનું સર્ટીફીકેટ રજૂ કરી તેનું મૂલ્યાંકન કોલેજ દ્વારા સતત મૂલ્યાંકન પધ્ધતિથી કરવાનું રહેશે જે અંગે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

**એકેડેમિક કાઉન્સિલની તા.૧૭/૦૮/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૩**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાશાખા તા.૨/૦૮/૨૦૨૩ ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૩ અન્વયે કરેલ ભલામણ સ્વીકારી મંજૂર કરવામાં આવે છે.**

ક્રમાંક : એસ./સાયન્સ/પરિપત્ર/૨૧૪૬૧/૨૦૨૩
તા.૧૮–૦૮–૨૦૨૩

કુલસચિવશ્રી

પ્રતિ,
૧) વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ/વિભાગીય વડાશ્રીઓ.
..... આપશ્રીની કોલેજ/વિભાગના સંબંધિત શિક્ષકોને જાણ કરી અમલ કરવા સારૂ.
૨) અધ્યક્ષશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા.
૩) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.
.....તરફ જાણ તેમજ અમલ સારૂ.